For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ડભોઈની સેન્ટ્રલ યુનિ.માં ફૂડ પોઈઝનિંગ

ભોજન બાદ 11 વિદ્યાર્થીઓની તબિયત લથડી, સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ), વડોદરા તા.20

ડભોઈ તાલુકાના કુંઢેલા ગામે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગત 18 મી તારીખની રાત ભારે મુસીબત લઈને આવી હતી. રાત્રિના ભોજન બાદ એકાએક 11 વિદ્યાર્થીઓની તબિયત લથડતા સમગ્ર કેમ્પસમાં દોડધામ મચી જવા પામી હતી. વિદ્યાર્થીઓને ઝાડા-ઉલ્ટી અને પેટમાં દુખાવાની ફરિયાદ થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

કુંઢેલા ખાતે આવેલી આ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં દેશના વિવિધ શહેરો અને જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે આવે છે. 18 એપ્રિલના રોજ રાત્રે અંદાજે 08:30 વાગ્યાના સુમારે વિદ્યાર્થીઓએ હંમેશની જેમ મેસમાં ભોજન લીધું હતું. પરંતુ, ભોજન

અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ

1) યશવર્ધન કૈલાશન બલાસ (21 વર્ષ)
2) પ્રિયાંશુ દીપક રંજન (18 વર્ષ)
3) સહાન રજા (25 વર્ષ)
4) શુભમ રાજ (20 વર્ષ)
5) જિસાન પીવી (23 વર્ષ)
6) અરૂણ થોરી (21 વર્ષ)
7) યુવરાજ સોલંકી (21 વર્ષ)
8) મોહિત મીના (17 વર્ષ)
9) અરખા શ્રુતા (22 વર્ષ)
10) બાલાજી શર્મા (18 વર્ષ)
11) અમીના અશરફ (23 વર્ષ)

લીધાના થોડા જ સમયમાં વિદ્યાર્થીઓને ઉલ્ટી, ઝાડા અને પેટમાં દુખાવાની તકલીફ શરૂ થઈ હતી. એકાએક અનેક વિદ્યાર્થીઓને એકસાથે તબિયત બગડતા આ ફૂડ પોઈઝનિંગનો કેસ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થીઓને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. હાલ આ તમામ વિદ્યાર્થીઓ હોસ્પિટલમાં તબીબી દેખરેખ હેઠળ છે અને તેમની સારવાર ચાલી રહી છે. ફૂડ પોઈઝનિંગ પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. તેમને ભોજનમાં શું પીરસવામાં આવ્યું હતું અને કયા પદાર્થને કારણે આ ગંભીર સ્થિતિ સર્જાઈ, તે દિશામાં ડભોઈ પોલીસે પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

નવા ઘરમાં ગૃહપ્રવેશના સપ્તાહમાં જ પરિવાર પર આભ તૂટી પડ્યું

બ્લેકમેલિંગ સામે બલિદાન? યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

પત્ની અને પરિવારનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.20

વડોદરા શહેરના તરસાલી બાયપાસ પાસે આવેલી કાન્હા નિર્મલ સોસાયટીમાં રવિવારે સાંજે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવતા આખા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હજુ તો પરિવાર નવા ઘરે રહેવા આવ્યાને માંડ એક સપ્તાહ થયું હતું. ત્યાં જ 30 વર્ષીય હાર્દિક દિપકરાવ શિંદેએ અગમ્ય કારણોસર પંખા પર ગળેફાંસો ખાઈને જીવનલીલા સંકેલી લેતા પરિવારમાં કલ્પાંત છવાઈ ગયો છે. આ મામલે મૃતકની પત્ની અને પરિવારે હાર્દિક જ્યાં કામ કરતો હતો તે ઓફિસની યુવતી પર ગંભીર આક્ષેપો કર્યા છે.

હાર્દિક દિપકરાવ શિંદે (ઉંમર વર્ષ 30) થોડા દિવસો પહેલા જ પોતાના પરિવાર સાથે તરસાલી બાયપાસ પાસે આવેલા હાઈવે નંબર-48 નજીક ગિરનારી હોટેલ સામેની કાન્હા નિર્મલ સોસાયટીના મકાન નંબર 32 માં રહેવા આવ્યા હતા. રવિવારે બપોરે જમ્યા બાદ હાર્દિકે પરિવારને જણાવ્યું હતું કે, હું આરામ કરવા જઉં છું, તેમ કહી તે પોતાના રૂમમાં ગયો અને દરવાજો બંધ કરી દીધો હતો.સાંજ સુધી હાર્દિક રૂમની બહાર ન આવતા પરિવારને ચિંતા થઈ હતી. તેની બહેને રૂમના દરવાજે જઈ તેને ઘણી બૂમો પાડી હતી, પરંતુ અંદરથી કોઈ જવાબ ન મળતા આશંકા સેવાઈ હતી કે કંઈક અઘટિત બન્યું છે. તાત્કાલિક આજુબાજુના લોકોને જાણ કરવામાં આવી હતી. હાજર લોકોની મદદથી દરવાજો તોડવામાં આવતા અંદરનું દ્રશ્ય જોઈ સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. હાર્દિક પંખા સાથે ફાંસો ખાધેલી હાલતમાં લટકી રહ્યો હતો.આ ઘટના બાદ પરિવારે જે આક્ષેપો કર્યા છે તેણે પોલીસ તપાસને નવી દિશા આપી છે. પત્ની અને પરિવારજનોનું કહેવું છે કે, હાર્દિક જ્યાં કામ કરતો હતો ત્યાં HR તરીકે ફરજ બજાવતી યુવતી સાથે તેને અગાઉ સંબંધો હતા. તે યુવતી હાર્દિકને સતત બ્લેકમેલ કરી રહી હતી, જેના કારણે તે ભારે માનસિક તણાવમાં હતો. આ બ્લેકમેલિંગથી કંટાળીને જ હાર્દિકે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવ્યું હતું.

વડોદરા કોંગ્રેસમાં 'ખર્ચ' મુદ્દે માથાકૂટ સર્જાઇ

ચૂંટણી કાર્યાલયમાં નેતાઓ બાખડ્યા, વોર્ડ પ્રમુખ- ઉમેદવારને લાફા પડ્યા!

(પ્રતિનિધિ), વડોદરા તા.20

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે, ત્યારે ભાજપની જેમ હવે કોંગ્રેસમાં પણ આંતરિક જૂથવાદ અને વિખવાદ સપાટી પર આવ્યો છે. શહેરના વોર્ડ નંબર 9 ના કોંગ્રેસના ચૂંટણી કાર્યાલય ખાતે ચૂંટણી ખર્ચના હિસાબને લઈને કાર્યકરો અને આગેવાનો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો છૂટા હાથની મારામારી સુધી પહોંચ્યો હતો. આ હિંસક અથડામણમાં વોર્ડ પ્રમુખ અને એક ઉમેદવારને લાફા ઝીંકી દેવામાં આવ્યા હોવાની ઘટનાએ રાજકીય આલમમાં ભારે ચકચાર જગાવી છે.

વોર્ડ નંબર 9 ના ચૂંટણી કાર્યાલયમાં હિસાબ-કિતાબને લઈને ચર્ચા ચાલી રહી હતી. આ દરમિયાન વોર્ડ પ્રમુખ મહેશ પરીખ અને યુથ કોંગ્રેસના પૂર્વ

પ્રમુખ કુલદીપસિંહ વાઘેલા વચ્ચે કોઈ મુદ્દે તકરાર થઈ હતી. ચર્ચા એટલી હદે વણસી ગઈ હતી કે હાજર રહેલા અન્ય લોકો પણ તેમાં જોડાયા હતા. એવા આક્ષેપો કરવામાં આવ્યા હતા કે કેટલાક નેતાઓ ભારતીય જનતા પાર્ટીને સીધો ફાયદો કરાવી રહ્યા છે, જે બાબતે રોષે ભરાયેલા કાર્યકરોએ ગરમાગરમીમાં ભાન ગુમાવ્યું હતું.

આ મારામારી દરમિયાન વોર્ડ પ્રમુખ મહેશ પરીખ અને ઉમેદવાર ધૈર્યસિંહ જગતાપ પર કાર્યકરો તૂટી પડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઝપાઝપીમાં વોર્ડ પ્રમુખ મહેશ પરીખને હાથના ભાગે ઈજાઓ પહોંચી છે, જ્યારે ઉમેદવાર ધૈર્યસિંહ જગતાપને ગાલ પર ત્રણ સણસણતા તમાચા મારી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટના સમયે યુથ કોંગ્રેસના પૂર્વ હોદ્દેદાર જયેન્દ્ર ચાવડા સહિતના અન્ય અગ્રણીઓ પણ સ્થળ પર હાજર હોવાનું જાણવા મળ્યું છે.ચૂંટણીના માહોલ વચ્ચે પક્ષના કાર્યાલયમાં જ થયેલી આ જૂથબંધી અને મારામારીના દ્રશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થતા કોંગ્રેસના ઉચ્ચ નેતૃત્વમાં દોડધામ મચી ગઈ છે. એક તરફ પક્ષ ભાજપ સામે લડવાની તૈયારીઓ કરી રહ્યો છે, ત્યારે બીજી તરફ ઘરના જ અંદરો અંદરના ઝઘડાઓએ કોંગ્રેસની શિસ્તના ધજાગરા ઉડાડ્યા છે.

વિદ્યાર્થીઓમાં પાયાની સમજ મજબૂત થશે તે માટે નિર્ણય

ધો.5-8માં બે કે વધુ વિષયમાં નાપાસ થશો તો વર્ગબઢતી નહીં

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

રાજ્ય સરકારે ધોરણ 5 અને 8માં વર્ગબઢતી આપવા અંગેના જાહેરનામાનો સુચારુ અમલ કરવા તમામ શાળાઓને સૂચના આપી છે. આરટીઈ રૂલ્સ 2012માં ફેરફાર બાદ હવે આ બંને ધોરણમાં નો-ડિટેન્શન પોલિસી સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે.

શૈક્ષણિક વર્ષ 2025-26 માટે પણ ઉપરોક્ત પરિપત્રનો અમલ કરવાનો થાય છે. એ મુજબ, ધોરણ 5 અને 8માં દરેક વિષયમાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન માળખા અનુસાર A, B, C કે D ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીને જ આગળના ધોરણમાં વર્ગબઢતી આપવાની રહેશે. જે વિદ્યાર્થી બે કે તેથી વધુ વિષયમાં E ગ્રેડ મેળવે, એટલે કે 35% થી ઓછું સિદ્ધિસ્તર હોય, તેને વર્ગબઢતી આપી શકાશે નહીં.

આવા વિદ્યાર્થીને પરિણામ જાહેર થયેથી બે માસ જેટલો સમય ઉપચારાત્મક શિક્ષણકાર્ય કરાવ્યા બાદ શાળા કક્ષાએ પુનઃકસોટી યોજવાની છે.

જેમાં વિદ્યાર્થી અપેક્ષિત સ્તર મેળવે તો જ વર્ગબઢતી આપવાની થાય છે. આ મામલે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી અને શાસનાધિકારીને તેઓના તાબાની શાળાઓમાં આ બાબતની સૂચના આપવા તેમજ તમામ શાળાઓમાં સુચારુ અમલીકરણ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. આ નિર્ણયથી ધોરણ 5 અને 8 નું શૈક્ષણિક ધોરણ સુધરશે અને વિદ્યાર્થીઓમાં પાયાની સમજ મજબૂત થશે તેવી આશા શિક્ષણ વિભાગે વ્યક્ત કરી છે.

વડોદરામાં મુખ્યમંત્રીની હાઈવોલ્ટેજ બેઠક

જિલ્લા ભાજપના પર્ફોર્મન્સથી ભૂપેન્દ્ર પટેલ નારાજ, સંગઠનને ખખડાવ્યું

(પ્રતિનિધિ), વડોદરા તા.20

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે વડોદરા જિલ્લાના ટૂંકા પ્રવાસે આવી પહોંચ્યા હતા. તેમની આ મુલાકાત રાજકીય દૃષ્ટિએ અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે, કારણ કે તેમણે વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સંગઠનની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આ બેઠકમાં વડોદરા જિલ્લાના તમામ ધારાસભ્યો, શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખ તેમજ સંગઠનના ઉચ્ચ હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ બેઠક દરમિયાન આગામી સમયના રાજકીય પડકારો અને પક્ષની રણનીતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ બેઠક અત્યંત ગોપનીય અને શિસ્તબદ્ધ રાખવામાં આવી હતી, જેમાં માત્ર પૂર્વ-નિર્ધારિત

અપેક્ષિત અને આમંત્રિત હોદ્દેદારોને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. સામાન્ય કાર્યકરો કે બિન-આમંત્રિતોને બેઠકથી દૂર રાખવામાં આવ્યા હતા, જે સૂચવે છે કે મુખ્યમંત્રી સંગઠનની આંતરિક બાબતો પર સીધું ધ્યાન કેન્દ્રિત કરવા માંગતા હતા. જોકે, સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ બેઠકનો મિજાજ કંઈક અંશે ગંભીર રહ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લા ભાજપની વર્તમાન કામગીરી અને સંગઠન ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જિલ્લા સંગઠનના અમુક પાસાઓ પર નારાજગી દર્શાવીને હોદ્દેદારોને કામગીરીમાં વધુ વેગ લાવવા અને જનસંપર્ક મજબૂત કરવા માટે કડક સૂચનાઓ આપી હોવાનું જાણવા મળ્યું છે. મુખ્યમંત્રીની આ નારાજગીને પગલે આગામી દિવસોમાં વડોદરા ભાજપના સંગઠન માળખામાં ફેરફાર થાય છે કે કેમ, તે જોવું રહ્યું. બેઠકના અંતે મુખ્યમંત્રીએ તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને પ્રજાના પ્રશ્નોને પ્રાથમિકતા આપવા અને સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે તાકીદ કરી હતી. સંગઠનની આ બેઠક બાદ સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

બફારા અને ઉકળાટથી નગરજનો પરેશાન

વડોદરામાં ગરમીનો પારો 39.6 ડીગ્રી પર સ્થિર થયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરામાં ગરમીનો રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા એક અઠવાડિયામાં પારો 40 ડિગ્રીને પાર પહોંચી ગયો હતો. રવિવારે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. જેને કારણે પારો ઘટીને 39.6 ડિગ્રી પર પહોંચ્યો હતો. જે સોમવારે પણ યથાવત રહ્યો હતો. લઘુતમ તાપમાન 25.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 49 ટકા અને સાંજે 23% નોંધાયું હતું. હવામાન નિષ્ણાતોના મતે રાજ્યમાં મતદાનના દિવસે મતદારોએ ગરમીનો સામનો કરવો પડી શકે છે. 26 એપ્રિલે રાજ્યમાં તાપમાનનો પારો 42 ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. હાલમાં, બપોરે ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઈ રહ્યું છે. એક તરફ તીવ્ર સૂર્યપ્રકાશ અને હીટવેવ જેવી સ્થિતિ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને અન્ય ઘણી સક્રિય હવામાન પ્રણાલીઓના પ્રભાવને કારણે પવનની દિશા બદલાઈ રહી છે. પરિણામે, જ્યારે તાપમાન હાલમાં 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેતું હોય છે, ત્યારે વાદળો, વાવાઝોડા અને વરસાદ ખૂબ જ ટૂંક સમયમાં આવવાની આગાહી પણ આપવામાં આવી છે. હવામાન વિભાગ અને નિષ્ણાંતોના મતે રાજ્યના વાતાવરણમાં પલટો આવશે. વડોદરા સહિત મધ્ય ગુજરાતના વિસ્તારોમાં પણ વાદળછાયું વાતાવરણ અને છૂટોછવાયો વરસાદ થઈ શકે છે. ઉત્તર અને પૂર્વ ગુજરાતના વિસ્તારોમાં પણ આ પલટાનો પ્રભાવ જોવા મળી શકે છે. પંચમહાલ જિલ્લામાં પણ વાદળછાયા વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં માત્ર 7 સરકારી કોલેજોમાં કોર્સ : 33% બેઠકો ભરાય તો જ ભણાવાય

વર્કિંગ પ્રોફેશનલ કોર્સ નિષ્ફળતાના આરે,અનેક કોલેજોની બેઠકો ખાલી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

રાજ્યના શ્રમિક અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ નોકરીની સાથે પોતાનું શૈક્ષણિક સ્તર સુધારી શકે તેવા ઉમદા હેતુથી શરૂ કરાયેલા વર્કિંગ પ્રોફેશનલ કોર્સ હાલમાં નિષ્ફળતાના આરે હોય તેમ જણાય છે. એક તરફ સરકાર કૌશલ્ય વર્ધનની વાતો કરે છે, ત્યારે બીજી તરફ રાજ્યની માત્ર સાત સરકારી ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં આ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે છે. હાલની સ્થિતિ એવી છે કે જ્યાં ઉદ્યોગો છે ત્યાં કોલેજો નથી અને જ્યાં કોલેજોમાં આ કોર્સ ચાલે છે. ત્યાં પૂરતા વિદ્યાર્થીઓ નથી. પરિણામે, રાજ્યની સરકારી કોલેજોમાં આ મહત્વાકાંક્ષી કોર્સની મોટાભાગની બેઠકો ખાલી પડી રહી છે. ધો.10 પાસ થયા પછી કોઈ જગ્યાએ નોકરી કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ માટે વર્કિંગ પ્રોફેશનલ અંતર્ગત સીધા ડિપ્લોમા બીજા વર્ષમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. નિયમ મુજબ, વિદ્યાર્થીઓ નોકરી કરતાં હોય તેના 75 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલી કોલેજમાં આ પ્રકારના કોર્સ ચાલતાં હોય તો પ્રવેશ લઈ શકાય છે. સૌથી મહત્વની વાત એ કે, જે સરકારી કોલેજમાં વર્કિંગ પ્રોફેશનલ કોર્સ ચલાવવામાં આવે છે તેમાં પણ કુલ બેઠકના 33% બેઠકો ભરાઈ ત્યારે જ કોર્સ શરૂ કરવામાં આવતાં હોય છે. આમ, ગણતરીના વિદ્યાર્થીઓ મળે ત્યારે આ પ્રકારના કોર્સ શરૂ જ થઈ શકતા નથી.

સમસ્યા ક્યાં સર્જાઈ છે?

1.મર્યાદિત કોલેજો: રાજકોટ, સુરત, અમદાવાદ, જામનગર, ભરૂચ અને વલસાડની સાત કોલેજોમાં જ આ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે છે. એટલે કે આ સિવાયની કોલેજોમાં આ પ્રકારના કોર્સ ચાલતાં નથી.

2.ખાનગી કોલેજો મોંઘી: 14 જેટલી સ્વનિર્ભર કોલેજોમાં આ પ્રકારના વર્કિંગ પ્રોફેશનલ કોર્સ ચલાવવામાં આવે છે પરંતુ તેમાં ફી વધારે હોવાથી વિદ્યાર્થીઓ પ્રવેશ લેતાં અચકાતાં હોય છે.

3.લોકેશનની વિસંગતતા: જ્યાં સૌથી વધુ ઔદ્યોગિક વસાહત હોય અને જીઆઈડીસી જેવા વિસ્તારમાં આવેલી કોલેજોમાં આ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે તો નોકરીની સાથે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકતાં હોય છે. હાલની સ્થિતિમાં અન્ય વિસ્તારના વિદ્યાર્થીને સરકારી કોલેજ ઉપલબ્ધ નથી.

દાહોદમાં પરશુરામજીના પ્રાગટોત્સવની ઊજવણી

(પ્રતિનિધિ), દાહોદ તા.20

દાહોદમાં ભગવાન પરશુરામજીના પ્રાગટોત્સવ ની શહેરના બ્રહ્મસમાજ દ્વારા હર્ષોલ્લાસ અને શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. તારીખ ૧૯ ના રોજ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સાંજના પાંચ કલાકે ભગવાન પરશુરામજી ની ભવ્ય શોભાયાત્રા ધજા પતાકા અને બેન્ડબાજાના સથવારે કાઢવામાં આવી હતી શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરતા આકર્ષણનું કેન્દ્ર બની હતી તો ત્યારબાદ શહેરના રામસેતુ પાર્કમાં ભગવાનની આરતી અને ત્યારબાદ મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજ સહિતના શ્રદ્ધાળુઓ એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો

"સુવિધા આપો અથવા ખુરશી ખાલી કરો" ના નારા લાગ્યા

વડોદરાના વોર્ડ નં. 11 માં જનતાનો 'ગટર' મોરચો

(પ્રતિનિધિ), વડોદરા તા.20

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સન ફાર્મા રોડ પરની 'શ્રી વિનાયક હાઉસિંગ' ના રહીશો આજે પાયાની સુવિધાઓના અભાવે રોષે ભરાયા હતા. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી ન કરવામાં આવતા, રહીશોએ આજે વોર્ડ નંબર 11 ની કચેરી ખાતે હલ્લાબોલ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી એક સપ્તાહમાં તેમની સમસ્યાઓનું નિરાકરણ નહીં આવે તો તેઓ ઉગ્ર આંદોલન છેડશે. સ્થાનિક મહિલાઓ અને રહીશોના જણાવ્યા અનુસાર, વિનાયક હાઉસિંગમાં આશરે આઠથી દસ મહિના પહેલા જ નવી ગટર લાઈન નાખવામાં આવી હતી. જોકે, નવાઈની વાત એ છે કે નવી લાઈન હોવા છતાં ગટરો સતત ઉભરાઈ રહી છે અને ગંદુ પાણી

રસ્તાઓ પર ફરી વળ્યું છે. રહીશોનો આક્ષેપ છે કે ગટર લાઈન નાખતી વખતે ટેકનિકલ ખામી રાખવામાં આવી છે અથવા તો આગળની લાઈન ચોકઅપ હોવાથી આ સમસ્યા સર્જાઈ રહી છે. ગટરના ગંદા પાણીના કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે અને બાળકો તેમજ વૃદ્ધો બીમાર પડી રહ્યા છે. ગટર લાઈન નાખવા માટે તંત્ર દ્વારા રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા હતા, પરંતુ કામ પૂરું થયાના મહિનાઓ બાદ પણ આ રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું નથી.

નીતિન દોંગાએ વિરોધને 'રાજકીય સ્ટંટ' ગણાવ્યો

વોર્ડ-10માં ચૂંટણી જંગ: વિકાસ કામોના મુદ્દે ભાયલીમાં ઘમાસાણ

(પ્રતિનિધિ), વડોદરા તા.20

કોર્પોરેશનની ચૂંટણીના પ્રચારમાં હવે આક્ષેપ-પ્રતિઆક્ષેપ અને વિરોધના વંટોળ શરૂ થયા છે. વોર્ડ નંબર 10 માં સમાવિષ્ટ ભાયલી ગામે જ્યારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો મતોની ઝોળી ફેલાવી પ્રચાર કરવા પહોંચ્યા, ત્યારે તેમને જનતાના રોષનો સામનો કરવો પડ્યો હતો. એક જાગૃત મહિલાએ ભાજપની ટુકડીને ઘેરીને વિકાસકામોનો હિસાબ માંગતા ઉત્તેજના પ્રસરી હતી.

ભાયલી ગામે થયેલા આ વિરોધમાં એક મહિલાએ મોરચો સંભાળ્યો હતો. તેમણે આક્રમક તેવર સાથે ભાજપના ઉમેદવારોને સવાલ કર્યો હતો કે, "ગામના યુવાનોને બદનામ કરીને તમે કયા મોઢે વોટ માંગવા આવ્યા છો?" આ મહિલાએ અત્યાર સુધી થયેલા કામોનો સીધો હિસાબ માંગતા પ્રચાર અટકાવી દેવો પડ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં

'ક્રાંતિકારી સેના'ના સમર્થકો અને ખાસ કરીને સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહેલા 'માસ્ક મેન'ની સક્રિયતાએ ગામલોકોને પણ જાગૃત કર્યા હતા. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું છે. ભાજપના ઉમેદવાર નીતિન દોંગાએ આ સમગ્ર ઘટનાને વિરોધીઓનું પૂર્વયોજિત 'રાજકીય ષડયંત્ર' ગણાવ્યું છે. તેમણે વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, જે 'માસ્ક મેન' આજે વિરોધના સૂર છેડી રહ્યા છે, તેમણે જ છ મહિના પહેલા મારા દ્વારા કરાયેલા વિકાસકામોના વખાણ કરતો વીડિયો સોશિયલ મીડિયા પર મૂક્યો હતો. તો અત્યારે ચૂંટણી ટાણે જ અચાનક વિરોધ કેમ શરૂ થયો? તે એક મોટો પ્રશ્ન છે. વધુમાં દોંગાએ દાવો કર્યો હતો કે તેમની ગત બે ટર્મ દરમિયાન વોર્ડમાં રસ્તા, પાણી અને ડ્રેનેજ જેવા પાયાની સુવિધાઓના 350 કરોડ રૂપિયાથી વધુના કામો કરવામાં આવ્યા છે.ચર્ચા છે કે નીતિન દોંગા આ વખતે જીત્યા બાદ કોર્પોરેશનમાં મોટા અને મહત્વના પદ માટેના પ્રબળ દાવેદાર છે. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે તેમને આ રેસમાંથી બહાર કરવા અને તેમની છબી ખરડવા માટે આ પ્રકારના વિરોધ પ્રદર્શનો ગોઠવવામાં આવી રહ્યા છે. આંતરિક જૂથવાદ કે વિરોધ પક્ષની ચાલ, ગમે તે હોય પરંતુ ભાયલીની આ ઘટનાએ વોર્ડ-10 ના જંગને વધુ રસપ્રદ બનાવી દીધો છે.

સવારે 9 વાગ્યા થી સાંજના 6 વાગ્યા સુધી મતદાનની સુવિધા

ચૂંટણીના કર્મચારીઓ માટે તા.22મીના રોજ મતદાન

(પ્રતિનિધિ) વડોદરા. તા.20

લોકશાહીના મહાપર્વ સમાન વડોદરા મહાનગરપાલિકાની આગામી તા. 26 એપ્રિલ, 2026 ના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણતાના આરે છે. ચૂંટણીની પ્રક્રિયામાં ખડેપગે ફરજ બજાવનાર અને ચૂંટણી કાર્યમાં રોકાયેલા કર્મચારીઓ પોતાના મતાધિકારથી વંચિત ન રહી જાય તે માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ અને અનુકૂળ વ્યવસ્થા કરવામાં આવી છે. ઘણાં એવા કર્મચારીઓ છે.

જેમણે ટપાલથી મતદાન કરવા માટે અગાઉ અરજી કરેલી છે અને જેમને ટપાલ દ્વારા મતપત્ર પણ મળી ગયા છે. આવા કર્મચારીઓ જો ટપાલને બદલે રૂબરૂ મતદાન કરવા ઈચ્છતા હોય, તો તેમના માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ 'ફેસિલિટેશન સેન્ટર' કાર્યરત કરવામાં આવશે. ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરાયેલ માહિતી મુજબ, આ સુવિધાનો લાભ લેવા માટે તારીખ 22 એપ્રિલ, 2026 (બુધવાર) સમય સવારે 9:00 થી સાંજે 6:00 કલાક સુધી મતદાન કરી શકશે. જેમાં વોર્ડ નંબર 1 થી 12 ના કર્મચારીઓ માટે પોલીસ તાલીમ કેન્દ્ર, પોલીસ હેડક્વૉટર, પ્રતાપનગર, વડોદરા. વોર્ડ નંબર 13 થી 19 ના કર્મચારીઓ માટે :- આંગણવાડી કેન્દ્ર, પોલીસ હેડક્વૉટર, પ્રતાપનગર, વડોદરા.ચૂંટણી ફરજમાં વ્યસ્ત હોવા છતાં લોકશાહીમાં પોતાનો અમૂલ્ય મત આપવો એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. ચૂંટણી ફરજ પર રહેલા તમામ કર્મચારીઓ, જેમને ટપાલ દ્વારા મતપત્ર મળેલ છે, તેઓ આ તકનો મહત્તમ લાભ લે અને નિર્ધારિત સમય અને સ્થળે પહોંચીને પોતાનો મત અવશ્ય આપે તેવી વહીવટી તંત્ર દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે.

જો પેનલમાંથી 2 કે 3 સભ્યો જ જીતશે તો તેને ઉમેદવારની નિષ્ફળતા ગણાશે

4 માંથી 4 જીતશે તો જ પદ, બાકી જીત્યા પછી પણ 'નિષ્ફળતા' ગણાશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.20

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ચરમસીમાએ છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મોવડી મંડળે ઉમેદવારો માટે એક અત્યંત કડક અને ડિજિટલ યુગમાં પણ સંગઠનલક્ષી મહત્વ ધરાવતી આચારસંહિતા જાહેર કરી છે. ભાજપ દ્વારા સમગ્ર રાજ્યના ઉમેદવારોને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જે કોઈ ઉમેદવાર પક્ષની 'પેનલ' પ્રથાને નુકસાન પહોંચાડીને માત્ર પોતાનો વ્યક્તિગત પ્રચાર કરશે, તેની સામે પક્ષ જીત્યા પછી પણ આકરા પગલાં લેશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પ્રદેશ ભાજપ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે જો કોઈ પણ વોર્ડમાં પેનલ ખંડિત થશે, એટલે કે જો 4 ઉમેદવારોની આખી પેનલ વિજયી નહીં બને, તો તે વોર્ડમાંથી જીતેલા 3 અથવા 2 ઉમેદવારોને પક્ષના કોઈ પણ મહત્વના હોદ્દા કે જવાબદારી સોંપવામાં આવશે નહીં. ભાજપનું માનવું છે કે કેટલીકવાર સક્ષમ ઉમેદવારો પોતાની જીત સુનિશ્ચિત કરવા માટે માત્ર 'સિંગલ' પ્રચાર પર ધ્યાન આપે છે, જેના કારણે સંગઠનના નબળા કે નવા ઉમેદવારો હારી જાય છે.

આ પરિસ્થિતિને અટકાવવા માટે હવે 'ટીમ વર્ક' ને સર્વોપરી બનાવવામાં આવ્યું છે. પક્ષને એવી ફરિયાદો મળી છે કે ઘણા વિસ્તારોમાં ઉમેદવારો સંયુક્ત પ્રચાર કરવાને બદલે પોતાના અંગત સંપર્કોનો ઉપયોગ કરીને માત્ર પોતાનું જ નામ આગળ ધરે છે. આનાથી પક્ષની શિસ્તનો ભંગ થાય છે અને પેનલ સિસ્ટમ નબળી પડે છે. પ્રદેશ નેતૃત્વએ સ્પષ્ટ કર્યું છે કે ભાજપમાં ઉમેદવાર નહીં પણ પક્ષનું ચિહ્ન અને સંગઠન લડે છે. જો પેનલ તૂટશે, તો તે વિજેતા ઉમેદવારની નિષ્ફળતા ગણાશે અને ભવિષ્યમાં તેમને સત્તાના પદોથી દૂર રાખીને સજા કરવામાં આવશે. પ્રદેશ ભાજપના આ કડક વલણને કારણે સમગ્ર રાજ્યમાં ઉમેદવારો અને તેમના સમર્થકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. હવે ઉમેદવારોએ માત્ર પોતાની જીત જ નહીં, પરંતુ પોતાની આખી પેનલને જીતાડવાની જવાબદારી પણ સ્વીકારવી પડશે. આ રણનીતિ દ્વારા ભાજપ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સો ટકા પરિણામ મેળવવા તરફ નજર કરી રહ્યો છે.